વલસાડ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ વિભાગમાં 157, એચ ટાટની 140 ખાલી જગ્યા

## શિક્ષણની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ ? સરકારી શાળાઓમાં સ્માર્ટ સુવિધાઓ વચ્ચે મહત્વની જગ્યાઓ ખાલી

**જિલ્લામાં** TPO, કેળવણી નિરીક્ષક અને H-TAT આચાર્યોની જગ્યાઓ ખાલી, ચાલતો ઇન્ચાર્જ વહીવટ

વલસાડ : પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાલક્ષી બનાવવા, ખાનગી શાળાઓની સમકક્ષ લાવવા ડીજીટલ બ્લેક બોર્ડ, સ્માર્ટ ક્લાસ, અત્યાધુનિક મસમોટી બિલ્ડિંગો તો સરકારે બનાવી છે. જોકે આ સમગ્ર પ્રક્રિયામાં શિક્ષણ વ્યવસ્થા ઉપર નજર રાખવા, મોનિટરીંગ કરવા, વિદ્યાર્થીઓ, શિક્ષકોની સમસ્યાઓ, જરૂરિયાતો સમજવા, જાણવા મહત્વના અધિકારીઓની જગ્યાઓ જ ખાલી હોય વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સામે પ્રશ્નાર્થ સર્જાયો છે.


તાલુકાની શાળાઓમાં નિરીક્ષણ અને મોનિટરીંગ માટે મહત્વની ટી.પી.ઓ., બી.આર.સી, કેળવણી નિરીક્ષક અને ત્યારબાદ સી.આર.સી. આવતા હોય છે. જેઓ સીધા શાળા સાથે સંપર્ક રાખે છે. જોકે, જિલ્લામાં એચ.ટાટ શિક્ષકોની, કેળવણી નિરીક્ષકોની, ટી.પી.ઓ.ની જગ્યાઓ ખાલી હોય ઇન્ચાર્જ અધિકાર આપવામાં આવ્યો છે. એટલુ જ નહીં સંઘપ્રદેશ દાદરા નગરહવેલી અને મહારાષ્ટ્રને અડીને આવેલા કપરાડા તાલુકાની શાળાઓનું ચેકીંગ કે મોનિટરીંગ પણ નિયમિત અધિકારીના અભાવે થઈ શકતું નથી. ત્યારે હવે મહત્વની આ જગ્યાઓ ભરવા તંત્ર સાથે સ્થાનિક રાજકીય હોદ્દેદારો પણ આગળ આવે તે જરૂરી છે.

### વલસાડ જિલ્લામાં 296 શાળા, 253026 વિદ્યાર્થી...

વલસાડ જિલ્લાની કુલ 296 પ્રાથમિક સરકારી શાળાઓ આવેલી છે, જેમાં બાલ વાટિકાથી લઈ ધો.8 સુધીમાં કુલ 253026 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં 132810 કુમાર અને 120216 કન્યાનો સમાવેશ થાય છે.

### ખાલી જગ્યાઓનો રિપોર્ટ વડી કચેરીએ મોકલી આપ્યો છે

વલસાડ જિલ્લા પ્રા.શિક્ષણ અધિકારી ડી.બી. વસાવાએ જણાવ્યું કે, જિલ્લા કક્ષાએ વિવિધ ખાલી જગ્યાઓનો રિપોર્ટ વડી કચેરીએ મોકલી આપ્યો છે. જગ્યાઓ ભરવા સહિતની તમામ કામગીરી ત્યાંથી થાય છે. છતાં જિલ્લામાં ટી.પી.ઓ. સહિતની ખાલી જગ્યાઓ ઉપર ઇન્ચાર્જ અધિકારીની નિયુક્તિ કરાઇ છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ એ અમારી પ્રાથમિકતા છે.




**એચ.ટાટ ખાલી જગ્યા**

| તાલુકા | ખાલી જગ્યા |
|---|---|
| વલસાડ | 02 |
| પારડી | 02 |
| વાપી | 09 |
| ધરમપુર | 17 |
| કપરાડા | 68 |

## વાંસદામાં વારલી પેઇન્ટિંગથી શણગારેલો મંડપ આકર્ષણનું કેન્દ્ર




વાંસદા : ગણેશોત્સવ નિમિત્તે વાંસદાના પાટાફળીયા ખાતે બિરાજમાન 'એકદંત ગણેશ મંડળ' દ્વારા તૈયાર કરવામાં આવેલો ગણેશ મંડપ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. આ વર્ષે એકદંત ગણેશ મંડળના યુવાનો દ્વારા મંડપની દીવાલો પર 'વારલી આર્ટ' અને કલાત્મક ચિત્રોના માધ્યમથી સમગ્ર વાંસદા તાલુકાના ગૌરવશાળી ઇતિહાસ, આદિવાસી લોકજીવન, પ્રકૃતિ અને સાંસ્કૃતિક વારસાને જીવંત સ્વરૂપ આપવામાં આવ્યું છે.

સોશિયલ મીડિયા પર પણ પોલીસની બાજ નજર રહેશે

## ગણેશ વિસર્જન પહેલાં નવસારી પોલીસનો મેગા એક્શન પ્લાન

**એસ.પી.,** ડીવાય. એસ.પી., પોલીસકર્મીઓ ઉપરાંત હોમગાર્ડ અને જી.આર.ડી.ના જવાનો સુરક્ષા વ્યવસ્થા સંભાળશે

### ૧૮૯૮ અધિકારીઓ-જવાનો ફરજ બજાવશે

૧ એસ.પી., ૩ ડીવાય.એસ.પી., ૨૧ પી.આઇ., ૩૪ પી.એસ.આઇ. અને ૫૧૬ પોલીસકર્મીઓ ઉપરાંત ૫૨૩ હોમગાર્ડ, ૫૨૩ જી.આર.ડી., ૭૭ એસ.આર.ડી. અને ૨૦૦ તાલીમાર્થી જવાનોનો સમાવેશ થાય છે.

નવસારીઃ ગણેશ વિસર્જન પર્વ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નવસારી જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષાનું વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું છે. વિસર્જન યાત્રાઓ દરમિયાન ભીડ નિયંત્રણથી લઈને ટ્રાફિક વ્યવસ્થા અને સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ સુધી પોલીસ તંત્રને સજ્જ કરવામાં આવ્યું છે. મોટા ગણેશ મંડળોની શોભાયાત્રા પર ડ્રોન કેમેરાથી હવાઈ નજર રાખવામાં આવશે. સાયબર ક્રાઈમ પોલીસની QR કોડ આધારિત વ્યવસ્થા હેઠળ મોટી ગણેશ પ્રતિમાઓની યાત્રાનું રિયલ-ટાઈમ મોનિટરિંગ કરાશે, જેના આધારે પ્રતિમા કયા સ્થળે છે અને કયા રૂટ પરથી આગળ વધી રહી છે તેની માહિતી મેળવી શકાશે. LCB અને SOGની દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવશે, જ્યારે ટ્રાફિક નિયંત્રણ માટે અલગ વ્યવસ્થા ગોઠવાશે. સોશિયલ મીડિયા પર પણ પોલીસની ખાસ નજર રહેશે અને અફવા કે ગેરમાર્ગે દોરતી માહિતી ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. ગણેશ વિસર્જન દરમિયાન મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉમટવાની શક્યતા વચ્ચે પોલીસના વિશાળ બંદોબસ્ત અને ટેક્નોલોજી આધારિત મોનિટરિંગથી સમગ્ર વ્યવસ્થા પર સતત નજર રાખવામાં આવશે.

## પારડીમાં બાઇક આખલા સાથે અથડાતાં કપરાડાના યુવકનું મોત

**ઉદવાડા** રેંટલાવ મંદિર પાસેથી પસાર થતી વખતે રખડતા ઢોર સાથે બાઇક અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો



પારડી : પારડી પંથકમાં રખડતા ઢોરનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે, જેના કારણે વધુ એક ગંભીર અકસ્માતમાં નિર્દોષ યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે. કપરાડા તાલુકાના માતુનિયા ગામના ૨૪ વર્ષીય મનુભાઈ જાનુભાઈ ભવર મજૂરી કામ અર્થે પારડી અને વાપી વિસ્તારમાં આવતા હતા.

ગત ૨૨ સપ્ટેમ્બરે રાત્રિના સુમારે તેઓ પોતાની મોટરસાઇકલ (નંબર GJ-05-MV-9350) લઈને ઉદવાડા નજીક રેંટલાવ હનુમાન દાદાના મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે અચાનક રસ્તા પર બેઠેલા રખડતા ઢોર સાથે બાઇક અથડાતાં મનુભાઈ ફંગોળાઈને નીચે પટકાયા હતા, જેના કારણે તેમને માથા અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

સ્થાનિક લોકોની મદદથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ મધ્યરાત્રિના અરસામાં તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મૃતકના પિતાની ફરિયાદના આધારે પારડી પોલીસ સ્ટેશને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. યુવકના અચાનક અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## વલસાડ-સુરત મેમુ શરૂ કરવા માટે રેલવે મંત્રાલયે મંજૂરી આપી

**વિદ્યાર્થીઓ**, નોકરિયાતો અને વેપારીઓની દૈનિક મુસાફરીની હાલાકી દૂર કરવા કરાયેલી માંગ ફળી

સુરત, નવસારી : વલસાડ-સુરત રેલવે માર્ગ પર દૈનિક મુસાફરી કરતા નવસારી સહિત દક્ષિણ ગુજરાતના મુસાફરો માટે રાહતના સમાચાર આવ્યા છે. ટ્રેન નંબર ૬૯૧૪૯ વલસાડ-સુરત મેમુ શરૂ કરવા માટે રેલવે મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જરૂરી વહીવટી અને તક્નિકી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આગામી સમયમાં આ મેમુ ટ્રેનની નિયમિત સેવા શરૂ કરવામાં આવશે. નવસારી, બીલીમોરા, અમલસાડ સહિતના વિસ્તારોમાંથી સુરત તરફ રોજ અવરજવર કરતા વિદ્યાર્થીઓ, નોકરિયાતો, વેપારીઓ અને અન્ય મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને મેમુ સેવા શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી. આ મુદ્દે કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા નવસારીના સાંસદ સી. આર. પાટીલ અને નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળી રજૂઆત કરી હતી. મુસાફરોની દૈનિક અવરજવર અને હાલની જરૂરિયાત અંગે રજૂઆતને ધ્યાને લઈ રેલવે મંત્રાલયે મેમુ સેવાને મંજૂરી આપી છે. જોકે મંજૂરી મળ્યા બાદ સેવા તાત્કાલિક શરૂ થશે નહીં અને રેલવે વિભાગ દ્વારા સમયપત્રક સહિતની જરૂરી વહીવટી તથા તકનિકી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ટ્રેન દોડાવવામાં આવશે. મેમુ સેવા શરૂ થયા બાદ વલસાડ-સુરત વચ્ચેના માર્ગ પર દૈનિક મુસાફરી કરતા મુસાફરોને વધુ અનુકૂળ રેલવે વિકલ્પ મળશે. મંજૂરી બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, સાંસદ સી. આર. પાટીલ તેમજ રજૂઆતમાં સહભાગી થયેલા ભુરાભાઈ શાહ અને પ્રતિનિધિમંડળનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

## બીલીમોરા પંથકમાં અરેરાટી, બે બનાવમાં પરિણીત યુવકોના આપઘાત

**પ્રથમ** બનાવમાં પત્ની સાથે જમવા જેવી બાબતે ઝઘડા બાદ અને બીજા બનાવમાં યુવકે અગમ્ય કારણોસર ફાંસો ખાધો

બીલીમોરા : બીલીમોરા પંથકમાં બે અલગ અલગ બનાવોમાં બે પરિણીત પુરુષોએ ગળે ફાસો ખાઈને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

પ્રથમ બનાવમાં બીલીમોરાના દેવસર ગુરુદ્વારની પાછળ બીજી ગલીમાં રહેતા અમરજીતસિંહ જ્ઞાનસિંહ સરદાર (ઉં.૩૦) નો તેની પત્ની સપનાકોર સાથે જમવા જેવી નજીવી બાબતે ઝઘડો થયો હતો. જોકે આ ઝઘડાને તેણે મન પર લઈ લેતા પોતાના જ ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. બીલીમોરા પોલીસે અકસ્માત મોત નંબર ૫૪/૨૦૨૬, બીએનએસએસની કલમ ૧૯૪ મુજબ નોંધ કરી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જીગ્નેશ કાંતિલાલ કરી રહ્યા છે.

અન્ય બીજા બનાવમાં બીલીમોરા નજીક આવેલા પાટી ખોખર ફળિયામાં રહેતા ઉમેશભાઈ સુરેશભાઈ પટેલ (ઉ.૪૧) એ પણ કોઈક અગમ્ય કારણોસર પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. જોકે મોતનું ખરું કારણ જાણવા માટે હાલ બીલીમોરા પોલીસે અકસ્માત મોત ૫૫/૨૦૨૬ બીએનએસની કલમ ૧૯૪ મુજબ નોંધી હેડ કોન્સ્ટેબલ સદિપસિંહ ભુપતસિંહ વધુ તપાસ કરી રહ્યા છે.

## વાપી ડુંગરામાં બે જૂથ વચ્ચે મારામારી

વાપી : ડુંગરામાં આવેલા દેવજી ફળિયામાં જગ્યા ખાલી કરાવવા અને રસ્તા પર સામાન મુકવા બાબતે સામાન્ય વિવાદ ઉગ્ર બની મારામારીમાં ફેરવાયો હતો. દશરથ પટેલની ફરિયાદ મુજબ, રાહુલ સિંહ અને સાથીદારોએ અદાવત રાખી થાર કારથી હુમલો કર્યો હતો. આરોપીઓએ સચિન અને બન્ટુ પટેલ પર હુમલો કર્યો હતો. આ કેસમાં રાહુલ સિંહ, રૂપેશ સિંહ, અંકુર સિંહ અને સૌરભ મોર્યા સામે ગુનો નોંધાયો છે. સામા પક્ષે રાહુલ સિંહે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, દુકાન ખાલી કરવાના મામલે થયેલી બોલાચાલી બાદ દશરથ પટેલ, સચિન પટેલ, બન્ટુ પટેલ અને જય પટેલે લાકડા તથા લોખંડના સળિયા વડે હુમલો કરી તેમની ગાડીના કાચ તોડી નાખ્યા હતા.

આ બંને પક્ષોના ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ નોંધી કાયદેસરની આગળની તપાસ હાથ ધરી છે.

## નવસારી 33.4 ડિગ્રીમાં 'બફાયુ'

નવસારી : નવસારીમાં બુધવારે તાપમાનમાં ખાસ વધારો જોવા મળ્યો ન હતો, પરંતુ વાતાવરણમાં રહેલા ભારે ભેજ અને પવનની ધીમી ગતિએ શહેરમાં બફારાની અસર વધારી દીધી હતી. નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના આંકડા મુજબ મહત્તમ તાપમાન ૩૩.૪ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારથી જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઊંચું રહ્યું હતું અને સાપેક્ષ ભેજ ૯૫ ટકા સુધી પહોંચ્યો હતો, જ્યારે સાંજના સમયે પણ તે ૮૧ ટકા રહ્યો હતો. પવનની ઝડપ માત્ર ૧.૯ કિમી પ્રતિ કલાક નોંધાતા હવાની અવરજવર ઓછી રહી હતી, જેના કારણે ગરમી અને ભેજની સંયુક્ત અસરથી દિવસભર ઉકળાટ અનુભવાયો હતો.

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
DGVCL
કાર્યપાલક ઇજનેરશ્રી ની કચેરી
કડોદરા (સં. અને નિ.) વિભાગીય કચેરી
૬૬ કે.વી. એસ.એસ કમ્પાઉન્ડ, કડોદરા તા:- પલસાણા જી:-સુરત ૩૯૪૩૨૭
ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા બાબત.**

આથી અમારા માનવંત ગ્રાહકો ને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીના કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ ને સમય સુધી વીજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈપણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી છે.

| ક્રમ | સબસ્ટેશનનું નામ | ફીડરોના નામ | સબડીવીઝનનું નામ | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ૬૬ કેવી તાંતીથૈયા | ૧૧ કેવી તમામ ફીડર / ૬૬ કેવી જે. કે. લક્ષ્મી સિમેન્ટ લી./ ૬૬ કેવી દુર્ગા પ્રોસેસર્સ | કડોદરા ઇન્ડ / પલસાણા / કડોદરા ૨ | ૧૯૧૨૩ | ૨૬.૦૯.૨૦૨૬/ શનિવાર | ૦૮:૦૦ થી ૧૫:૦૦ |

કાર્યપાલક ઇજનેર, કડોદરા ડીવીઝન
ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

**જોઇએ છે**

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી - સુરત, જિ સુરત સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ પી દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનાં પત્ર ક્રમાંક કવટ/ISC-3/NOC/ મુ.વધારો ૧૨૧૨૫ તા: ૧૮/૦૯/૨૦૨૬નાં પત્રથી નીચે મુજબની જગ્યા સીધી ભરતીથી પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરવાની થાય છે.

| ક્રમ | મંજૂર કરેલ જગ્યાનું નામ | મંજૂર કરેલ જગ્યાની સંખ્યા | અનામત કેટેગરી | લાયકાત | પગાર ધોરણ | વય મર્યાદા |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુનિયર કલાર્ક | જુનિયર કલાર્ક | દિવ્યાંગજનોની ખાસ ભરતી અંતર્ગત ફાળવેલ સામાન્ય દિવ્યાંગ PH (General) | સરકારશ્રીના ધારા ધોરણ મુજબ જે તે વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી અને ગુજરાત રાજ્ય સરકારશ્રીની માન્ય સંસ્થાની કોમ્પ્યુટર પરીક્ષા પાસ | ૨૬૦૦૦/- પાંચ વર્ષ માટે ફિક્સ પગાર | ગુજરાત સરકાર અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ |

સદર જગ્યા રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટી વિભાગ તથા નાણા વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરવાની થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના લેખિત પરીક્ષાના અભ્યાસક્રમના માળખા મુજબ લેખિત પરીક્ષા આપવાની રહેશે. રાજ્ય સરકારશ્રીની માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઇએ અને કોમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક છે. રાજ્ય સરકારશ્રીનાં ધારા ધોરણ અનુસાર આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયેથી સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં નિયમિત કરી શકાશે. અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર નથી. વિદ્યાર્થી સંખ્યા વધઘટ અથવા કોઈ કારણસર સદર જગ્યા રદ થાય તો ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી. લાયકાત ધરાવતાં ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ માં R.P.A.D. થી અરજી કરવી. અરજી સાથે L.C., ગુણપત્રકો, તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો, અનુભવના પ્રમાણપત્રો પ્રમાણિત કરી જોડવા. અધુરી વિગતવાળી અને આધાર વિનાની અરજી અમાન્ય ગણવામાં આવશે. અરજી સાથે રૂ. ૫૦૦/- નો નોન રીફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ 'J. Z. Shah Arts & H. P. Desai Commerce College Amroli' ના નામનો સામેલ રાખી નીચેના સરનામે અરજી મોકલી આપવી. ભરતી અંગેની વિગતવાર માહિતી વેબસાઈટ www.acs.ac.in ઉપર જોવી.

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
ક્રમાંકઃ માહિતી-સુરત/૬૪૯/૨૦૨૬ — જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી - સુરત

**નિવિદા નં. એસએફ-૬ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી (મા×મ) વિભાગ, જુનાથાણા, નવસારી ફોન નં. (૦૨૬૩૭) ૨૫૮૦૪૧ દ્વારા ઈ-ટેન્ડરીંગથી પદ્ધતિથી ટેન્ડરો માંગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | બ્લેક સ્પોટ રેક્ટીફીકેશન એન્ડ રોડ સેફ્ટી ઈમ્પ્રુવમેન્ટ વર્ક્સ ઈન્કલુડીંગ રોડ ફર્નિચર એન્ડ ટ્રાફિક સાઈનેજ એઝ પર રોડ સેફ્ટી ઓડીટ રીકમાન્ડેન્શ જી.નવસારી | રૂા.- ઈ-૧ અને ઉપરના |

ટેન્ડરો દસ્તાવેજો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપર તા.૦૫/૧૦/૨૦૨૬ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે.
ફક્ત નિવિદા રાજ્ય સરકારની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળી શકશે.
વધારાની વિગતો માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતિ.

કાર્યપાલક ઈજનેર
નવસારી (મા×મ) વિભાગ
નવસારી
માહિતી/નવસારી/૩૨૪/૨૦૨૬

**ટુંકી મુદતની જાહેર નિવિદા**
**વર્ષ ૨૦૨૫-૨૬ :: જાહેર હરાજી અંગેની નિવિદા ::**

આથી જાહેર હરાજીથી ઇમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે,નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના દેવધા ગામે ગ્રામ પંચાયત કચેરી - દેવધા દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઇમલાની જાહેર હરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે તે સ્થિતિમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે.જેથી જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા રહેવું.

| ક્રમ | અસ્કયામત અને ઇમલાની વિગત | જાહેર હરાજીની તારીખ | જાહેર હરાજીનો સમય | જાહેર હરાજીનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | સાંસ્કૃતિક ભવન (મંદિર ફળિયા) | ૦૧/૧૦/૨૦૨૬ | બપોરે ૧૨:૦૦ કલાક | ગ્રામ પંચાયત હોલ દેવધા, તાલુકો - ગણદેવી, જીલ્લો - નવસારી |
| ૨ | જાહેર શૌચાલય (૨ ભાગ) (વલ્લભનગર) | | | |
| ૩ | આંગણવાડી (વલ્લભનગર) | | | |

જાહેર હરાજીની શરતો,બોલીઓ,નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામા આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઇમલાની જાહેર હરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

(જૈનમ એસ. પટેલ)
તલાટી કમ મંત્રી
ગ્રામપંચાયત દેવધા
તા. ગણદેવી, જી. નવસારી

(જિગરભાઈ એસ. પટેલ)
સરપંચ
ગ્રામપંચાયત દેવધા
તા. ગણદેવી, જી. નવસારી

માહિતી/નવસારી/૩૨૬/૨૦૨૬

**ટુંકી મુદતની જાહેર નિવિદા**
**વર્ષ ૨૦૨૬-૨૭**

ગ્રામ પંચાયત કચેરી તોરણગામ, તા:ગણદેવી, જી:નવસારીના કલિયારી ફળિયામાં આવેલ જુનું જર્જરીત તોરણગામ ગ્રામ પંચાયત કચેરીના મકાનને તોડવા અને કાટમાળ લઈ જવાના કામમાં રસ ધરાવતા ઈસમો / ઈજારદારો પાસેથી ભાવપત્રક માંગવામાં આવે છે. સદરહુ મકાનને તોડી પાડી અને નીકળતો કાટમાળ લઈ જવા અંગે જાહેર રજા ના દિવસો સિવાય નિયત ફી ભરી ફોર્મ ગ્રામ પંચાયત કચેરી તોરણગામ ખાતેથી મેળવી શકશો. અત્રેથી આપવામાં આવેલ અસલ ફોર્મ જ માન્ય રહેશે. ફોર્મ સાથે શરતો આપવામાં આવેલી છે તે શરતોનું ભાવ પત્રક રજૂ કરનારને પાલન કરવાનું રહેશે. ભરેલ ભાવ પત્રક રૂબરૂ અથવા રજિસ્ટર પોસ્ટ એડીથી તારીખ. ૦૫/૧૦/૨૦૨૬,સોમવારના રોજ બપોરે ૧૫-૦૦ કલાક સુધીમાં ગ્રામ પંચાયત કચેરી તોરણગામ,તા. ગણદેવી,જી. નવસારી ખાતે મળી જાય તે રીતે મોકલવાના રહેશે. તોરણગામ ગ્રામ પંચાયત કચેરીના મકાનને નિરીક્ષણ કરવા માટે જાહેર રજા ના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન રૂબરૂ મુલાકાત ગ્રામ પંચાયત કચેરી તોરણગામ, તા. ગણદેવી, જી. નવસારી ખાતે આવેથી ઉક્ત મકાનના નિરીક્ષણ માટે લઈ જવામાં આવશે. આવેલ ભાવપત્રક તારીખ. ૦૬/૧૦/૨૦૨૬, મંગળવારના રોજ બપોરે ૧૩-૦૦ કલાકે ખોલવામાં આવશે. આવેલ ભાવ પત્રકો પૈકી ભાવપત્રક મંજૂર-નામંજૂર કરવાની સત્તા તથા નિવિદા રદ કરવાના તમામ હક્કો નીચે સહી કરનારને અબાધિત રહેશે.

કવર ઉપર "જુનું જર્જરીત તોરણગામ ગ્રામ પંચાયત કચેરીનું ભાવપત્રક" અવશ્ય લખવાનું રહેશે.

ગ્રામ પંચાયત તોરણગામ
તા.ગણદેવી જી.નવસારી
તા:૨૩/૦૯/૨૦૨૬

(અનિકેત વિ. તરસરીયા)
ઈ.ચા.તલાટી કમ મંત્રી
ગ્રામપંચાયત તોરણગામ
તા.ગણદેવી,જી.નવસારી

(રમણભાઈ બી.તળાવીયા)
સરપંચશ્રી
ગ્રામપંચાયત તોરણગામ
તા.ગણદેવી,જી.નવસારી

માહિતી/નવસારી/૩૨૮/૨૦૨૬

**પશ્ચિમ રેલવે ઉધના - હસનપુર રોડ - નંદુરબાર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | સેવાઓની તારીખો | ઉપડવાનો સમય | પહોંચવાનો સમય |
|---|---|---|---|---|---|
| 09041 | ઉધના | હસનપુર રોડ | 03.10.2026થી 28.11.2026 | 23:30 વાગ્યે (શનિવાર) | 14:15 વાગ્યે (સોમવાર) |
| 09042 | હસનપુર રોડ | ઉધના | 05.10.2026થી 30.11.2026 | 15:45 વાગ્યે (સોમવાર) | 23:30 વાગ્યે (મંગળવાર) |

સ્ટોપેજઃ બંને દિશામાં ધારણગાંવ, ભુસાવળ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, મણિકપુર, પ્રયાગરાજ છીઓકી, પં. દીન દયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પાટલિપુત્ર, સોનપુર, હાજીપુર, મુઝફ્ફરપુર, સમસ્તીપુર અને રૂસેરા ઘાટ ખાતે રોકાશે. ટ્રેન નંબર 09041 ચલથાણ, બારડોલી અને નંદુરબાર ખાતે પણ રોકાશે.

કોચ કમ્પોઝિશન : સ્લીપર ક્લાસ, જનરલ સેકન્ડ ક્લાસ.

ટ્રેન નંબર 09041/09042 અનુક્રમે 10.10.2026 અને 12.10.2026 સુધી આરક્ષિત ટ્રેન તરીકે દોડશે. ત્યાર પછીની બાકીની ટ્રિપ્સ પૂરેપૂરી અનઆરક્ષિત તરીકે દોડશે.

રોકાણ, સમય અને ટ્રેનની રચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09041 માટેનું બુકિંગ 24.09.2026થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે.
ઉપર દર્શાવેલ ટ્રેન સ્પેશિયલ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ઓળખપત્ર સાથે રાખો.